# રાજકોટ મહાનગરપાલિકા

## સેન્ટ્રલ વર્કશોપ વિભાગ

### <u>ટુંકી ક્વોટેશન નોટીસ</u>

કામનું નામ :- રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના વાહનો માટે રિટેઈલ રેઈટથી ડિઝલ ખરીદ કરવા માટે દ્વી-વાર્ષીક રેઈટ કોન્ટ્રાક્ટ કરવા બાબત(બીજો પ્રયત્ન).

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના વાહનો માટે ડિઝલ ખરીદવાના કામે IOCL, BPCL, HPCL, જેવી ગર્વમેન્ટ PSU તમામ કંપનીના રાજકોટ સ્થીત લોકલ ઓથોરાઇઝડ ડીલર્સ પાસેથી કંપનીના રિટેઈલ રેઈટ પર ડિસ્કાઉન્ટ પ્રાઇસ (રૂપિયામાં) થી ભાવો મંગાવવામા આવે છે, રસ ધરાવતી એજન્સીઓએ ક્વોટેશન નીચેની વિગતે સેન્ટ્રલ વર્કશોપ શાખા, ભાવનગર રોડ, સીતારામ વે બ્રીજ સામે, અમુલ સર્કલ પાસે, રાજકોટ - ૩૬૦૦૦૩ ખાતે મોકલવાના રહેશે.

| | |
|---|---|
| (૧) ટુંકી ક્વોટેશન નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખ | **તા. ૨૯-૧૧-૨૦૨૪** |
| (૨) ક્વોટેશન પહોચડવાની છેલ્લી તારીખ તથા સમય | **તા. ૧૬- ૧૨- ૨૦૨૪ સમય: ૧૬-૦૦ કલાક સુધીમાં રજી.એ.ડી./ સ્પીડ પોસ્ટ મારફત.** |
| (૩) ક્વોટેશન નોટીસના બંધ કવર ખોલવાની તારીખ તથા સમય | **તા. ૧૭-૧૨-૨૦૨૪** સમય: **૧૬-૦૦** કલાકે (સંભવિત) |

**શરતો:-**

1. માત્ર રાજકોટ શહેરમાં IOCL,BPCL,HPCL, જેવી ગર્વમેન્ટ PSU કંપનીના માન્ય ઓથોરાઇઝડ ડીસ્ટ્રીબ્યુટર્સ/ડીલર્સ દ્વારા આ બાબતે ક્વોટેશન આપવુ.
2. એજન્સીના પમ્પનુ ફિલિંગ સ્થળ રાજકોટ મહાનગરપાલિકાની હદમાં હોવુ જોઇએ.
3. એજન્સીએ ટેકનીકલ બીડના બંધ કવરમાં નીચે મુજબના પ્રમાણપત્રોની નકલ સહી સિક્કા કરેલ કોપી ઉપર મુજબના એડ્રેસ પર નિયત સમયમાં રજી. એડી./સ્પીડ પોસ્ટ/કુરીયર દ્વારા સબમીટ કરવાના રહેશે.
    1. GST રજીસ્ટ્રેશન સર્ટી.
    2. ઓથોરાઇઝડ ડીસ્ટ્રીબ્યુટર્સ/ડીલર્સ સર્ટી. અથવા IOCL,BPCL,HPCL, જેવી ગર્વમેન્ટ PSU કંપની સાથેનું એગ્રીમેન્ટ.
    3. રૂ.૩૦૦/- ના સ્ટેમ્પ પેપર પર ભારતભરમાં ક્યાંય પણ સરકારી/અર્ધ સરકારી કચેરીઓમાં બ્લેક લીસ્ટ નથી તેવું તથા તમામ ડોક્યુમેન્ટો સાચા અને જેન્યુન છે તેવું ચાલુ વર્ષનું સોગંદનામું.
    4. સહી સિક્કા વાળી ક્વોટેશન નોટીશ.
    5. પમ્પનુ ફિલિંગ સ્થળ રાજકોટ મહાનગરપાલિકાની હદમાં આવેલ છે તેવું એજન્સીનું પ્રમાણપત્ર.
    6. એજન્સીએ EMD રૂ.૫0,000/- ની રકમ ડિમાન્ડ ડ્રાફ્ટના સ્વરૂપમાં “કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકા”ના નામનો કોઇપણ રાષ્ટ્રીયકૃત/શીડ્યુલ બેંકમાંથી કઢાવી ક્વોટેશન નોટીસ સાથે જમા કરવાનો રહેશે.
4. આ કામે ભાવ ભરનાર પાર્ટીએ શરત નં. ૦૩ માં માંગેલ જરૂરી દસ્તાવેજોની નકલ ફીઝીકલ સબમીશન સમયે સહી તથા સિક્કા સાથે રજુ કરવાની રહેશે. એજન્સીએ આ કામે જે પાર્ટીઓ ટેકનીકલી ક્વોલીફાય થશે તેઓની જ પ્રાઇસ બીડ ખોલવામાં આવશે. (એક કવરમાં તમામ ટેકનિકલ ડોક્યુમેન્ટસ તથા બીજા કવરમાં ઓફર) આ બંને કવરો એક બીજા કવરમાં નાખી, પ્રોપર સીલ કરી (ખુલ્લા ના હોવા જોઇએ) સેન્ટ્રલ વર્કશોપ શાખા, ભાવનગર રોડ, સીતારામ વે બ્રીજ સામે, અમુલ સર્કલ પાસે, રાજકોટ ૩૬૦૦૦૩ ના સરનામે, રજીસ્ટર એડી./સ્પીડપોસ્ટ/કુરીયર દ્વારા નિયત તારીખ સુધીમાં મોકલી આપવાના રહેશે.
5. એજન્સીએ માર્કેટમા હરિફાઇ આપે તેવા ઓછામાં ઓછા ભાવ આપવાના રહેશે.
6. ભાવ ભરનાર એજન્સીએ દિવસ દરમ્યાન ગમે ત્યારે ૨૪ કલાક અધિકારીશ્રીની સુચના મુજબ ડીઝલ નિયમ મુજબ આપવાનુ રેહશે.
7. સેન્ટ્રલ વર્કશોપ શાખાના સુપરવાઇઝરશ્રી દ્વારા રેન્ડમલી બન્ને ઝોનના ડીઝલ પંપ ખાતે વિઝીટ કરી, ખરેખર ઓનલાઇન ચલણ મુજબ જ ડીઝલ ઇસ્યુ કરવામાં આવે છે, તે અંગેની તકેદારી વખતોવખત રાખવામા આવશે તેમજ દૈનિક બન્ને ઝોનના ડીઝલ પંપ ખાતે કેટલા લીટર ડીઝલ ઇસ્યુ કરવામાં આવ્યું તે અંગેનું રજીસ્ટર રા.મ.ન.પા. ના પમ્પ ખાતે નિમાયેલ કર્મચારી દ્વારા નિભાવવામા આવશે. તેમજ બન્ને ડીઝલ પંપ પરથી રા.મ્યુ.કો.ના ઓનલાઇન ચલણથી જેમાં ડીઝલ ઇસ્યુ કરી આપવામાં આવેલ છે, તે તમામ દૈનિક ચલણ એકત્રિત કરી, ઓનલાઇન અપડેટ કરવામા આવશે. ડીઝલ પંપ ખાતે આર.એમ.સી.ના કર્મચારીને જરૂરી ટેબલ તથા આર.એમ.સી. ઓફીસરની સૂચના અનુસાર જરૂરી અન્ય વયવસ્થા કરવાની રહેશે.
8. વખતો વખત કંપનીમાં થતા ભાવમાં થતા ફેરફાર મુજબ જે તે સમયે જે ભાવ હોય તેના ઉપર એજન્સી દ્વારા આપેલ ડિસ્કાઉન્ટ ગણવાનુ રહેશે. પેટ્રોલ પમ્પધારક દ્વારા આગળના દિવસની ઓનલાઇન ચલણ સાથે ડીઝલ ઇસ્યુ કરેલ ઓટોમેશનની પ્રિન્ટ જોડી બધી કાપલી સેંન્ટ્રલ વર્કશોપ પર બીજા દિવસે સવારના ભાગમા પહોચડવાની રહેશે.
9. આ કામે એલ-૦૧ આવતી એજન્સીઓએ સીક્યુરીટી ડીપોઝીટ તરીકે રૂ.૫,૦૦,૦૦૦/-ની રકમ એફ.ડી.આર./બેંક ગેરેન્ટીના (Scheduled or Nationalized Bank)ના સ્વરૂપમાં કોન્ટ્રાકટ પીરીયડથી વધુ ત્રણ માસના સમય માટે (૨૭ માસ માટે) મહાનગરપાલિકામાં - "કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકા" ના નામથી જમા કરાવવાની રહેશે.
10. આર.એમ.સી. જ્યારે માંગણી કરે ત્યારે પ્રોફેશનલ ટેક્સ (EC & RC ) રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ અથવા ચાલુ વર્ષની ટેક્સ ભરેલની રીસીપ્ટ(લાગુના પડતું હોયતો તે મુજબનું પ્રમાણપત્ર) રજુ કરવાનુ રહેશે તથાઆર.એમ.સી.ના વખતો-વખતના નિયમોનુ પાલન કરવાનુ રહેશે.
11. ડિઝલની સપ્લાય નિયમિત અચુકપણે કરવાની રહેશે, એજન્સીની બેદરકારીને કારણે સપ્લાય નહી મળે તો પ્રતિ વાહનના રૂ.૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા) લેખે પેનલ્ટી કાપવામાં આવશે.
12. જો એજન્સી દ્વારા સદરહુ કામે કોઇ પણ પ્રકારની ગેરરીતી આચરવામાં આવશે તો રા.મ.ન.પા.ને થયેલ નુકશાની એજન્સીએ ભરપાય કરવાની રહેશે. તેમજ ગેરરીતી માટે ઓછામાં ઓછી રૂ.૫૦૦૦/-ની પેનલ્ટી કરવામાં આવશે. પેનલ્ટી નક્કી કરવાની સત્તા નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી અથવા નાયબ કમિશનરશ્રી રહેશે.
13. આ કામમાં જે તે ડિઝલ પમ્પમાંથી રોજે રોજ ઇસ્યુ થતા ડિઝલના જથ્થાની માહિતી લગત એજન્સી દ્વારા એક્સલ ફાઇલમાં ઇ-મેઇલ મારફતે તે જ દિવસે રાત્રે વહેલી તકે અથવા મોડામાં મોડુ બીજા દિવસે બપોર સુધીમાં અચુકપણે મોકલવાની રહેશે.

14. સ્ટાન્ડર્ડ ગુણવત્તાનું ડીઝલ આપવાનું રહેશે. ગુણવત્તા તથા જથ્થા અંગેનું ચેકીંગ આર.એમ.સી.ના ઓફીસર ગમે ત્યારે કરી શકશે.
15. એજન્સીના આઉટલેટ પર ડીઝલ ઉપ્લબ્ધ ન હોય તો અન્ય જગ્યાએથી ડીઝલ આપવાની વ્યવસ્થા એજન્સીએ પોતાના જોખમે અને ખર્ચે કરવાની રહેશે. અન્યથા શરત નં.૧૧ મુજબ પેનલ્ટી કરવામાં આવશે.
16. એજન્સીના પંપ પર રા.મ.ન.પા.ના વાહનોમાં ડીઝલના ફીલીંગનું રેકોડીંગ સ્પષ્ટ પણે જોઇ શકાય તે પ્રમાણે સી.સી.ટી.વી. કેમેરા ઇન્સટોલ કરેલા હોવા જોઇએ. અત્રેથી વિડીયો રેકોડીંગની ફુટેઝ માંગવામાં આવે તો એજન્સીએ આપવાની રહેશે
17. એજન્સી દ્વારા ઓટોમેશન આધારીત બીલની કોપી આપવાની રહેશે.
18. આ કામે મહાનગરપાલિકા પાસે જેટલો કામનો જથ્થો હશે તેટલું કામ આપવામાં આવશે. સતત કામ આપવા માટે મહાનગર પાલિકા બંધાયેલ નથી. તેમજ રા.મ.ન.પા.ના હિતમાં ગમે ત્યારે આ કામ બંધ કરવામાં આવે તો તે એજન્સીને બંધનકર્તા રહેશે.મહાનગરપાલિકા દ્વારા કામ બંધ કરવામાં આવશે ત્યારે તમામ હીસાબ પુર્ણ થયે સીક્યોરીટી ડીપોઝીટ પરત કરવામાં આવશે. મહાનગરપાલિકા દ્વારા કામ બંધ કરવામાં આવે ત્યારે મહાનગરપાલિકાની પેટ્રોલપમ્પધારક પાસે જમા રકમ આર.એમ.સી. ઓફીસરની સુચના અનુસાર રાજકોટ મહાનગરપાલિકાના ખાતામાં જમા કરવાના રહેશે.
19. આ કામે કોઇપણ વાદવિવાદ થાય તો કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે તથા કોર્ટ મેટર થાય તો અધિકારક્ષેત્ર રાજકોટ રહેશે.
20. શરતી ક્વોટેશન માન્ય રહેશે નહિ. નેગોશીએશન કરવાનો હક રાજકોટ મહાનગરપાલીકનો અબાધીત રહેશે. એજંસીની કોઇપણ પ્રકારની માંગણી સ્વીકારવામા આવશે નહી. કોઇપણ કારણ વગર ટેન્ડર સ્વીકારવુ, કેન્સલ કરવુ તેનો હક્ક કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો અબાધીત રહેશે.
21. પેમેન્ટ ટર્મસ મહાનગરપાલિકાના વખતોવખતના નિયમો મુજબની રહેશે. સામાન્ય સંજોગોમાં આર.એમ.સી. દ્વારા એડવાન્સમાં પેમેન્ટ કરવામાં આવશે.
22. ત્રણ ઝોનમાંથી(ઇસ્ટ,વેસ્ટ,સેન્ટ્રલ) અલગ-અલગ ઝોનમાં કુલ ૦૨ ઓછા ભાવ મળેલ પેટ્રોલ પંમ્પ ધારકોને કામ આપવામાં આવશે. એક ઝોનમાં ૦૨ પેટ્રોલ પંમ્પ ધારકોને કામ આપવામાં આવશે નહી.
23. ત્રણ ઝોનમાંથી જે પેટ્રોલ પમ્પ ધારક્ના સૌથી ઓછા ભાવ હશે તેL-1 ગણાશે તે ઝોનમાં તે પેટ્રોલ પમ્પ ધારકને કામ આપવામાં આવશે (સૌથી ઓછા ભાવ એક કરતા વધુ પેટ્રોલપમ્પ ધારક્ના એકજ ઝોનમાં સરખા હશે તો જે પેટ્રોલ પમ્પ જે તે ઝોનમાં આર.એમ.સી. ઝોન ઓફીસની નજીકમાં હશે તે L-1 ગણાશે. સૌથી ઓછા ભાવ અલગ-અલગ ઝોનમા બે પેટ્રોલ પમ્પ ધારકના સરખા હશેતો બન્ને પેટ્રોલ પમ્પ ધારકને L-1 ગણી બન્ને ઝોનમાં તે બન્ને પેટ્રોલ પમ્પ ધારકને કામ આપવામાં આવશે. ત્રણે ઝોનમાં સૌથી ઓછા ભાવ એક સરખા મળશે તો જે તે ઝોનમાં આર.એમ.સી. ઝોન ઓફીસની નજીકમાં હશે તેવા ૦૨ પેટ્રોલ પમ્પધારકને અલગ- અલગ ઝોનમાં કામ આપવામાં આવશે.).
24. બાકીના ૦૨ ઝોનમાથી સૌથી ઓછા ભાવ હશે તે L-2 ગણાશે તેને બીજા ઝોનમાં L-1 ના ભાવે કામ આપવામાં આવશે. (L-2 ભાવ એક કરતા વધુ પેટ્રોલ પમ્પ ધારક્ના સરખા હશે તો જે પેટ્રોલ પમ્પ જે તે ઝોનમાં આર.એમ.સી. ઝોન ઓફીસની નજીકમાં હશે તે L-2 ગણાશે). L-2 દ્વારા L-1 ના ભાવે કામ કરવા સમંત નહી થાય તો L-3 ને L-1 ના ભાવે કામ આપવામાં આવશે.
25. રાજકોટ મહાનગરપાલિકાના ઇસ્ટ ઝોનમાં વોર્ડ નં-૪,૫,૬,૧૫,૧૬,૧૮, વેસ્ટ ઝોનમાં વોર્ડ નં- ૧,૮,૯,૧૦,૧૧,૧૨ તથા સેન્ટ્રલ ઝોનમા વોર્ડ નં-૨,૩,૭,૧૩,૧૪,૧૭ મુજબ રહેશે. જે વોર્ડમાં પેટ્રોલ પમ્પ હશે તે મુજબ તે પેટ્રોલ પમ્પનો તે ઝોન માટે ભાવ માન્ય રહેશે.

નાયબ કમિશનર

(ઇસ્ટ ઝોન)

રાજકોટ મહાનગરપાલિકા

Signature Not Verified

Signed by:Swapnil Khare
Dy Municipal Commissioner
Date: 2024.11.26 18:21:05 +05:30

## ટેન્ડરનુ ભાવ પત્રક ::

હું/અમો નીચે સહી કરનાર, રાજીખુશીથી તથા સમજી વિચારીને, ટેન્ડરની તમામ શરતો, સમજુતી અને ટેન્ડરના તમામ સ્પેસીફીકેશનોનો બરાબર અભ્યાસ કરીને અમારી એજન્સી(પેટ્રોલપમ્પનુ નામ) ..................................................................., જે ........................... કંપનીના ઓથોરાઇઝડ ડીસ્ટ્રીબ્યુટર્સ/ડીલર્સ છે, આ કંપનીના ડિઝલ રિટેઇલ રેઈટ પર ડિસ્કાઉન્ટના ધોરણે રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના વાહનો માટે ડિઝલ ખરીદ કરવા માટે રેઈટ કોન્ટ્રાક્ટથી કામ કરવા માટે અમો સહમત છીએ. આ કામ ટેન્ડરમા આપવામાં આવેલ તમામ શરતો અને સમજુતી મને/અમોને મંજુર છે.

| પ્રકાર | ઝોન (સેન્ટ્રલ ઝોન/ઈસ્ટ ઝોન) /વેસ્ટ ઝોન)પેટ્રોલ પમ્પનુ એડ્રેસ તથા વોર્ડ નં. | હાલનો ડીઝલનો રીટઈલ રેઈટ તથા તારીખ (તમામ ટેક્સ સહિતના ભાવ) | આંકડામાં (ડિઝલના રિટેઇલ રેઈટથી ડિસ્કાઉન્ટ રૂપિયામાં/પૈસામાં) | શબ્દોમાં (ડિઝલના રિટેઇલ રેઈટથી ડિસ્કાઉન્ટ રૂપિયામા/પૈસામા ) |
|---|---|---|---|---|
| HIGH SPEED DIESEL (HSD) | | | | |

ભાવ ભરનાર પાર્ટીનું નામ :- .........................................................

ભાવ ભરનાર પાર્ટીનું સરનામું :-

**ભાવ ભરનાર પાર્ટીનો સહી તથા સિક્કો**

Signature Not Verified
Signed by:Swapnil Khare
Dy Municipal Commissioner
Date: 2024.11.26 18:21:05 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign